# રાફાએલ નડાલ
## આત્મસંયમ અને નિઃસ્પૃહતાનો સ્પેનિશ કરિશ્મા

“એક શ્રેષ્ઠ કારકિર્દી ઘડવા માટે હું જે પણ કરી શકતો હતો તે બધું જ કર્યું અને હવે હું મારા જીવનના આ નવા તબક્કાનો આનંદ માણી રહ્યો છું.” આંતરરાષ્ટ્રીય ટેનિસજગતના મહાન ખેલાડી રાફાએલ નડાલના આ શબ્દો છે. ગયા વર્ષે નવેમ્બરમાં ટેનિસને અલવિદા ફરમાવનારા નડાલને 24 મેના રોજ ફ્રેંચ ઓપનમાં ભાવભીની વિદાય આપવામાં આવી હતી.

તેને વિદાય આપવા માટે નોવાક જોકોવિચ, રોજર ફેડરર અને એન્ડી મરે જેવા ટેનિસ સ્ટાર પણ ઉપસ્થિત હતા. એક ફ્રેમમાં ચાર ખેલાડી, જેમના નામે કુલ મળીને 69 ગ્રાન્ડ સ્લેમ ખિતાબ છે. તેમાં સૌથી વધુ 22 ગ્રાન્ડ સ્લેમ નડાલના નામે અંકિત છે. તેણે 14 વખત ફ્રેંચ ઓપન જીતી છે તે પણ એક વિક્રમ છે.

સ્વાભાવિક રીતે જ, 15,000થી વધુ દર્શકોએ ‘રાફા...રાફા...’ની ગુંજ સાથે સૂટ-બૂટમાં સજ્જ નડાલનું છેલ્લી વાર ફ્રેંચ ઓપનમાં સ્વાગત કર્યું હતું. દર્શકો પોતપોતાના સ્થાને ઊભા રહીને તાળીઓ પાડતા હતા અને કોર્ટમાં નડાલ સ્થિર ઊભો હતો. તેની ટેનિસ કારકિર્દીને દર્શાવતી ફિલ્મ વીડિયો સ્ક્રીન પર ચાલી રહી હતી. તે પૂરી થઇ ત્યારે રાફા તેની લાગણીઓને કાબૂમાં ન રાખી શક્યો. તેની આંખોમાંથી આંસુ છલકાઈ આવ્યાં.

આંસુ તો દર્શકોની આંખોમાં પણ હતાં. નડાલે પછી વિદાય ભાષણ આપ્યું. અંગ્રેજી, ફ્રેન્ચ અને સ્પેનિશમાં; ‘‘છેલ્લા 20 વર્ષથી આ કોર્ટ પર રમ્યા પછી, મને આજે ખબર નથી કે કેવી રીતે શરૂઆત કરું. મેં અહીં આનંદ માણ્યો છે, હું અહીં જીત્યો છે, હું અહીં હાર્યો છું... પરંતુ સૌથી મોટી વાત તો એ છે કે મને અહીં રમવાનો અવસર મળ્યો એટલે હું ભાવુક છું. હું હવે તમારી સામે રમી શકીશ નહીં પરંતુ મારું દિલ અને મારી યાદો હંમેશાં આ જાદુઈ સ્થળ સાથે જોડાયેલી રહેશે.”

પાછળથી નડાલે પત્રકારોને કહ્યું હતું, ‘‘હું ટેનિસને બહુ મિસ નથી કરતો કારણ કે મને લાગે છે કે મેં આ રમતમાં મારું બધું જ આપી દીધું છે. હું એવું વિચારીને આવ્યો હતો કે હું કોર્ટ પર નહીં જઈ શકું. મારું શરીર મને કોર્ટ પર જવાની મંજૂરી આપતું નથી. તો બસ આટલું જ. અત્યારે મારું મન શાંત છે.”

38 વર્ષના આ સ્પેનિયાર્ડે માત્ર ટેનિસમાં જ નહીં, સ્પોર્ટ્સની દુનિયામાં એક દંતકથાનું સ્થાન હાંસલ કર્યું છે. એક લાંબા સમય સુધી, માત્ર નડાલ જ ફેડરરના ચાહકોને નિરાશ કરતો હતો કારણ કે તે એકમાત્ર ટેનિસ ખેલાડી હતો જે તેનો કુશળતાથી મુકાબલો કરતો હતો. સમય જતાં દર્શકો આ સ્પેનિશ કરિશ્માના પ્રેમમાં પડ્યા.

**ફાયરવોલ**
**રાજ ગોસ્વામી**

કોઈ વ્યક્તિ બીજા બધા જેવું રમીને આ સ્થાન પર ન પહોંચી શકે. તેના માટે અસાધારણ શિસ્ત, સાતત્ય અને શ્રમની જરૂર પડે અને એટલા માટે નડાલ જેવો બીજો કોઈ નહીં થાય. આમાં માત્ર નડાલની પ્રશસ્તિની વાત નથી, એમાં આપણા માટે પણ ઘણું શીખવા જેવું છે.

પ્રાચીન ગ્રીસ અને રોમમાં સ્ટોઈક ફિલોસોફરો હતા. તે લોકો આત્મસંયમ અને નિઃસ્પૃહતાના ભાવથી ભરેલા હતા; ન તો સુખમાં ભ્રમિત થાય, ન તો દુઃખમાં વિચલિત. આપણે તેમને આપણા ઉપનિષદકાળના સાધુઓ સાથે સરખાવી શકીએ. ઘણા સ્પોર્ટ્સ વિવેચકો રાફાએલ નડાલને સ્ટોઈક ફિલોસોફરનું આધુનિક રૂપ ગણે છે. ઘણી બાબતોમાં, ટેનિસ અને જીવન પ્રત્યેનો તેનો અભિગમ સ્ટોઈસિઝમના સિદ્ધાંતોને પ્રતિબિંબિત કરે છે. તેની કારકિર્દી માત્ર સ્પોર્ટ્સ ટેલેન્ટની ગવાહી પૂરે છે એટલું જ નહીં પરંતુ તે એક પ્રાચીન માનસિકતાની પણ સાક્ષી છે જેણે તેને જીવનના ઉતાર-ચઢાવમાં માર્ગદર્શન આપ્યું છે. નડાલની સિદ્ધિઓ શારીરિક વિજય કરતાં વધુ છે- તેમાં ચિંતનાત્મક સિદ્ધિ પણ છે.



### નડાલ પાસેથી પાંચ ચીજો શીખવા જેવી છે

નમ્રતાઃ નડાલનો સૌથી ઊડી આંખે વળગતો ગુણ તેની નમ્રતા છે. સફળતામાં માણસ જો નમી ન જાય તો તે નિષ્ફળતા કહેવાય. દરેક મેચમાં અને દરેક સાર્વજનિક કાર્યક્રમોમાં નડાલ હંમેશાં ઓછાબોલા, શાંત માણસ તરીકે પેશ આવ્યો છે. તે તેની લોકપ્રિયતાથી, વિજયોથી, ખિતાબોથી, પ્રશંસાથી અભિમાનમાં વહી ગયો નથી. તે તેની રમતને બાહ્ય ખિતાબો જીતવાના માધ્યમ તરીકે નહીં પરંતુ આત્મસંયમ અને આત્મવિશ્વાસને મજબૂત કરવાની કવાયત તરીકે જોતો હતો. એક વાર તેણે કહ્યું હતું, “જો કોઈ એમ કહેતું હોય કે હું રોજર કરતાં બહેતર છું તો મને લાગે છે તે માણસને ટેનિસની કશી ખબર નથી.”

શિસ્ત અને શ્રમઃ ટેનિસ સ્ટાર જોન મેકનોરે એક વાર કહ્યું હતું કે રાફા જેટલી ટ્રેનિંગ કોઈએ કરી નથી. તે તેની ફિટનેસ માટે કોઇ પણ યુવાન ખેલાડીને શરમ આવે તે રીતે ટ્રેનિંગ કરતો હતો. ટેનિસની રમતમાં તે કાળી મજૂરી કરતો હતો. તેના શરીર પર અસંખ્ય ઈજાઓ થઇ હતી અને તેમ છતાં તે અનેક વિજય મેળવવા સક્ષમ રહ્યો હતો. તેણે કોઈ બાબતને હલકામાં નથી લીધી. “ટેલેન્ટ એકલી પૂરતી નથી,” એક વાર તેણે કહ્યું હતું, “લક્ષ્ય અને સિદ્ધિ વચ્ચે શિસ્ત બ્રીજનું કામ કરે છે. તમારે તકલીફોને પણ માણવી પડે.” આ ફિલોસોફી તેના જીવનમાં કાયમ રહી છે.

દ્રઢતાઃ નડાલ લડાયક હતો. તેના સિનિયરો તેને ગ્લેડિયેટર કહેતા હતા; ઝનૂની. અવિતર. નિષ્ઠુર. બાણાવળી અર્જુનની જેમ તે એક સમયે એક જ ચીજ પર ધ્યાન આપતો હતો. આજુબાજુમાં તોફાન થતું હોય તો પણ તે વિચલિત નહોતો થતો. એટલા માટે તે દરેક પરાજયમાંથી વધુ મજબૂત થઈને ઉભરતો હતો. તે નિષ્ફળતામાંથી પણ રમત શીખતો હતો. તેના ડાબા પગમાં મુલ્લેર-વેઇસ સિન્ડ્રોમ નામની બીમારી હતી, જેથી તેના પગમાં ખોડ હતી. તેના બંને ઘૂંટણ અને કાંડામાં તિરાડો હતી. તેમ છતાં તે 22 ગ્રાંડ સ્લેમ જીત્યો હતો. આ માત્ર મનોબળનો પ્રતાપ હતો.

પડકારોનો પ્રેમઃ એક સ્ટોઇક ચિંતક મારકસ ઔરેલિયસે કહ્યું હતું કે, “કામમાં અવરોધ કામને આગળ ધપાવે છે. જે નડે છે તે જ રસ્તો બને છે.” એવું જ નડાલે કહ્યું હતું, “અવરોધ તો આશીર્વાદ છે.” નડાલ એવું માનતો હતો કે કષ્ટ વગર, દબાવ વગર, કઠણાઈ વગર વિજય નથી હોતો. તે આવી માનસિકતા સાથે જ તેનાં લક્ષ્ય નક્કી કરતો હતો અને ફેડરર, જોકોવિચ જેવા ધરખમ ખેલાડીઓનો સામનો કરતો હતો. તે દરેક પડકારને બહેતર બનવા માટેનો અવસર ગણતો હતો.

રૂટિનઃ નડાલનું રૂટિન ટેનિસની દુનિયામાં ચર્ચાનો વિષય છે. કોઈકે નોંધ્યું હતું ટેનિસની મેચ વખતે તે 19 ચીજો કરતો હતો. ઘણા લોકો તેને ઓસીડી કહે છે; ઓબ્સેસિવ કમ્પલસિવ ડીસઓર્ડર. પણ નડાલે સ્પષ્ટ રીતે કહ્યું કે તે જે ચીજો કરે છે તેની પાછળ નિશ્ચિત હેતુ હોય છે, તેનાથી તે વધુ તીવ્ર રીતે રમત પર ફોકસ કરી શકે છે. દાખલા તરીકે, તે તેની ખુરશીની આગળ નીચે, ડાબા પગ પાસે બે બોટલ મૂકતો, એકની પાછળ એક. નડાલે કહ્યું હતું, “અમુક લોકો તેને અંધવિશ્વાસ કહેતા પણ હું મનમાં એ રીતે મારી જાતને ગેમમાં ગોઠવતો હતો. ફોકસ કરવાની એ મારી રીત હતી.” તે મેચ અગાઉ 45 મિનિટ પહેલાં ઠંડા પાણીથી ન્હાતો, જમણો પગ મૂકીને જ કોર્ટમાં પ્રવેશ કરતો, રેફરીને રાહ જોવડાવીને પણ વોર્મ-અપ કરતો, કોર્ટના ખૂણા પર તેનો ટોવેલ અમુક રીતે જ મૂકતો, સર્વ કરતાં પહેલાં તે તેના વાળ અને શર્ટમાં આંગળીઓ ફેરવતો અને કોઈન ટોસ વખતે નેટ પાસે કૂદકો મારતો. આ બધું જ રમત પર ફોકસ કરવા માટે હતું. •

> **38 વર્ષના આ સ્પેનિયાર્ડે માત્ર ટેનિસમાં જ નહીં, સ્પોર્ટ્સની દુનિયામાં એક દંતકથાનું સ્થાન હાંસલ કર્યું છેએક લાંબા સમય સુધી, માત્ર નડાલ જ ફેડરરના ચાહકોને નિરાશ કરતો હતો કારણ કે તે એકમાત્ર ટેનિસ ખેલાડી હતો જે તેનો કુશળતાથી મુકાબલો કરતો હતો**

# શ્વાન-સર્વેક્ષણઃ શિક્ષકોના અહેવાલ

થોડા દિવસ પહેલાં સમાચાર હતા કે શિક્ષકોએ શ્વાન-સર્વેક્ષણનું કામ કરવાનું થશે. આવા મહત્ત્વના સામાજિક-સાંસ્કૃતિક કાર્યને કેટલાક દેશવિરોધી વિઘ્નસંતોષીઓએ ‘કૂતરાં ગણવાનું કામ’ કહીને તેના પ્રત્યે તુચ્છકાર પ્રગટ કર્યો. ‘કૂતરાં ગણવાના’ કામથી શિક્ષક આલમમાં અસંતોષ વ્યાપ્યો હોવાના અહેવાલ છપાયા. (શ્વાન આલમની એ વિશેની પ્રતિક્રિયા જાણવા મળી શકી નથી.) પરંતુ આ કામને બિનશૈક્ષણિક ધારી લેવાની જરૂર નથી. વિવિધ વિષયોના શિક્ષકોના શ્વાન-સર્વેક્ષણ-અહેવાલ કેવા હોઈ શકે? થોડી કલ્પનાઃ

**ગુજરાતીના શિક્ષકનો અહેવાલ**

શ્વાન એટલે કૂતરું. તેમાં લિંગભેદ સ્પષ્ટ કરવામાં આવ્યો નથી. તો નર અને માદા બંને પ્રકારનાં શ્વાનોનું સર્વેક્ષણ કરવું? બાળ-શ્વાનોને કે શ્વાન-બાળોને તેમાં સામેલ કરવાં કે નહીં? સક્ષમ અધિકારીશ્રીને તે વિશે પૂછતાં આ બાબતે તેમણે પોતાની અક્ષમતા જાહેર કરી અને કહ્યું કે ગાંધીનગર પૂછવું પડશે. પછી ઓફિસનું બારણું બંધ છે તેની પાકી ખાતરી કરીને એમ પણ કહ્યું કે ગાંધીનગરમાં શ્વાનોનું વિપુલ વૈવિધ્ય જોવા મળે છેઃ લાલચુ, સ્વાર્થી, હિંસક, આજ્ઞાંકિત, આળસુ, ખાઈ બદેલા, ગળે ખેસ (પટ્ટો) બાંધેલા, અદૃશ્ય પટ્ટો ધરાવતા, પટ્ટો પહેરવા ઉત્સુક, પટ્ટો બદલવા તત્પર, લાળ ટપકાવતા, પૂંછડી પટપટાવતા, હાંફતા, દોડતા, દોડ્યા વિના હાંફતા, હાંફ્યા વિના દોડતા, કારણ વગર ભસતા, ચેતવણી વગર કરડતા, ભસવાનો જવાબ કરડવાથી આપતા, હડે હડે કરવાથી કાબૂમાં રહેતા... ટૂંકમાં, આ વિષય બાબતે ગાંધીનગર જ માર્ગદર્શન આપવા માટે સક્ષમ ગણાય.

તેમની વાતમાંથી નવો પ્રશ્ન ઊભો થયોઃ કમિશનરશ્રીના આદેશમાં સર્વેક્ષણની વ્યાખ્યા કરવામાં આવી નથી તો સર્વેક્ષણ કેવળ વસતી ગણતરી પૂરતું સીમિત રહેશે કે પછી રંગ-રૂપ-ગુણ-લક્ષણઆધારિત વર્ગીકરણ પણ તેમાં સમાવિષ્ટ છે?

આવું બધું સાંભળીને ઉપરી અધિકારી ઊભા થયા, બારણું બંધ હોવા છતાં, તેમણે એક વાર ખોલીને ફરી તેને બંધ કર્યું, સ્ટોપર મારી અને પછી ગંભીરતાથી આદેશ આપ્યો, ‘જો ઉચિત સમજો, વો કરો.’

**બોલ્યું-ચાલ્યું માફ**
**ઉર્વિશ કોઠારી**

**સામાજિક વિજ્ઞાનના શિક્ષકનો અહેવાલ**

ભારતના બંધારણમાં શ્વાનોને મતાધિકાર આપવામાં આવ્યો નથી એટલે ચૂંટણી પંચ દ્વારા હાથ ધરાયેલા સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રીવીઝન (સર)થી શ્વાનસમુદાયને કોઈ જોખમ નથી. અલબત્ત, તેમના સર્વેક્ષણની જોગવાઈ કાયદામાં છે. શું શ્વાન-સર્વેક્ષણનો આદેશ એવું કહેવા માગે છે કે શ્વાનોના અસ્તિત્વને ગણવાનું છે અને દેશના ઘણા નાગરિકસમુદાયોની જેમ કે મણિપુર જેવાં આખેઆખાં રાજ્યોની જેમ અવગણવાનું નથી?

માનનીય સોલિસિટર જનરલ કદાચ કોઈ શ્વાનના પૂંછડી ન પટપટાવવાથી નારાજ થઈ જાય અને તેને દેશવિરોધી કે બાંગ્લાદેશી ઘૂસણખોર જાહેર કરી દે તો? સોનમ વાંગ્ચુક જેવા નાગરિક વિશે સોલિસિટર જનરલે અદાલતમાં કરેલી દલીલો જાણ્યા પછી એવું લાગે કે તમામ શ્વાનોને સોલિસિટર જનરલ તરફથી ક્લિન ચીટ મળવી જરૂરી છે. બાકી, તેમને એવી શંકા જાય કે કોઈ સર્વેક્ષકે દેશવિરોધી શ્વાનને દેશી શ્વાનોની યાદીમાં ઘુસાડી દેવાનું કાવતરું કર્યું છે તો? આ અંગે માનનીય સર્વોચ્ચ અદાલત સોલિસિટર જનરલને સ્પષ્ટ નિર્દેશ આપે ત્યાર પછી કામ આગળ વધારી શકાય.

**તર્કશાસ્ત્રના શિક્ષકનો અહેવાલ**




મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. શ્વાન પણ એક સામાજિક પ્રાણી છે. એટલે ઘણી વાર મનુષ્યો શ્વાન જેવું ને શ્વાન મનુષ્યો જેવું વર્તન કરે છે. શ્વાનો મનુષ્યોને ગણતા નથી, એટલે મનુષ્યોએ શ્વાનોને ગણવા પડે છે. શ્વાનો મનુષ્યોને ઊતરતા ગણે છે કારણ કે તેમનામાં ઊંચનીચના ભેદભાવ ને જ્ઞાતિવ્યવસ્થા હોતાં નથી. ઘણા શ્વાનો દેખાવમાં એકસરખા લાગે છે. એટલે ધારો કે કોઈ સંસ્થાના કેમ્પસમાં 10 શ્વાન હોય તો, તેમાંથી એક જ શ્વાન 10 વાર દેખાય એવી સંભાવના પણ લક્ષમાં લેવી પડે. આમ, શ્વાનોની કુલ સંખ્યા જેટલી લાગે, તેનાથી દસ ગણી ઓછી કે દસ ગણી વધુ હોવાની સંભાવના રહે છે.

**ગણિતશિક્ષકનો અહેવાલ**

શ્વાન-સર્વેક્ષણની કામગીરીનો ઉપયોગ ભલે સામાજિક હોય પણ તેને સમજવા માટે ગણિત અનિવાર્ય છે. ધારો કે બધા શ્વાનોની ગણતરી થઈ જાય અને તેમની સંખ્યા a હોય; બીજા ઘણા શ્વાન ગણતરીમાંથી બાકાત રહી ગયા હશે અથવા સંતાઈ ગયા હશે અથવા નાસી ગયા હશે અથવા સર્વેક્ષક આવ્યા ત્યારે ઊંઘી ગયા હશે, એમ ધારીને તેમની સંખ્યા b ગણવામાં આવે, તો પણ તેમનો આખરી આંકડો એ પ્લસ બી કરવાથી ન મળે. કારણ કે, તેમાં આ બંને પ્રકારના શ્વાનોની એ સંતતિનો સમાવેશ થતો નથી, જે સર્વેક્ષણ પૂરું થાય, સોંપાય અને પ્રગટ થાય ત્યાં સુધીમાં જન્મશે. તેમનો અંદાજ બાંધવા માટે એ પ્લસ બી સ્ક્વેર ઈઝ ઈક્વલ ટુ એ સ્ક્વેર પ્લસ બી સ્ક્વેર પ્લસ ટુએબી--વાળું સમીકરણ કામ લાગશે. તેમાં એક્સ્ટ્રા ટુએબી ક્યાંથી આવ્યા, એવું કોઈ પૂછે તો કહેવાનું કે તે શ્વાનોની નહીં જન્મેલી સંતતિ હશે. આ રીતે ફક્ત એક સંસ્થાના કેમ્પસના નહીં, આખા દેશમાં વસતા શ્વાન પરિવારોના આંકડા કાઢી શકાશે અને વડાપ્રધાનને નવેસરથી શોધેલો એક્સ્ટ્રા ટુએબીનો ચમત્કાર અનુભવી શકાશે.

> **શ્વાન એટલે કૂતરું. તેમાં લિંગભેદ સ્પષ્ટ કરવામાં આવ્યો નથી. તો નર અને માદા બંને પ્રકારનાં શ્વાનોનું સર્વેક્ષણ કરવું? બાળ-શ્વાનોને કે શ્વાન-બાળોને તેમાં સામેલ કરવાં કે નહીં?**

**ઇતિહાસના શિક્ષકનો અહેવાલ**

સાંભળ્યું છે કે મહંમદ તઘલકે રાજધાની દિલ્હીથી દોલતાબાદ ખસેડતાં પહેલાં દિલ્હીના શ્વાનોની વસ્તી ગણતરીનો આદેશ આપ્યો હતો. આવા આદેશોને કારણે જ તે તરંગી કહેવાયો હશે. જો કે દિલ્હીના શ્વાનો ખાતરીપૂર્વક ગણાઈ રહે તે પહેલાં જ રાજધાની દોલતાબાદથી પાછી દિલ્હી આવી ગઈ. એમ તો અકબર બાદશાહે પણ એક વાર બીરબલને દિલ્હીના કાગડાનું સર્વેક્ષણ કરવા કહ્યું હતું. ત્યારે બિરબલે અડસટ્ટે એક આંકડો ગબડાવી દીધો અને કહ્યું હતું કે જેને અવિશ્વાસ હોય તે ગણતરી કરીને મારો આંકડો ખોટો સાબિત કરી બતાવે. શ્વાન સર્વેક્ષણમાં પણ એ પદ્ધતિ ખપમાં લઈ શકાય?•

## ઈશિતાનું અલકમલક

### પૂરજોશમાં ચાલી રહી છે ભાગમભાગ...

સામાન્ય રીતે પરિવારની પરમિશન- રજા ન મળે તો જુવાનહૈયાં ઘર છોડીને ભાગી જતાં. આ ટ્રેન્ડમાં હવે જબરો બદલાવ આવ્યો છે કે વડીલના ભયથી યુવાપ્રેમીઓ ભાગી જતા એ જ વડીna- અંગત કહેવાય એવા રિશ્તેદારો - સંબંધીઓ સાથે ખુદ ‘પલાયન’ થઈ રહ્યા છે. આવા કિસ્સા દિનપ્રતિદિન વધી રહ્યા છે. ભાવિ સસરા પોતાની ભાવિ પુત્રવધૂ સાથે ગુમ થઈ જાય - સાસુ પોતાના લાડકા જમાઈ સાથે ‘ઈલ્લુ ઈલ્લુ’ કરવા પોતાનું ઘર છોડી દે - કોઈ વેવાણ એના વેવાઈ સાથે ‘અખિંયો સે ગોલી મારે’ પછી એની સાથે નવો સંસાર માંડી દે. વડીલોના આવા ઈરાદાપૂર્વક ‘લા-પત્તા’ની એક વધુ ઘટના જાણમાં આવી છે. નામ એનું અનીતા. પરિવાર સાથે રહે ઉત્તર પ્રદેશના અલીગઢમાં. દીકરી જુવાન. એણે રાહુલ નામના એક યુવાનને જીવનસાથી તરીકે પસંદ કર્યો. એની મા અનીતાદેવી ભાવિ જમાઈને જોવા ગઈ. પછી ન જાણે કેમ એ ભાવિ સાસુને એની દીકરી કરતાં ય ભાવિ જમાઈ વધુ ગમી ગયો. પછી કંઈક એવું થયું કે અનીતા અને એનો ભાવિ જમાઈ રાહુલ ઘરથી ભાગી ગયાં. આ ઘટનાથી ઘર -ગામ અને સમાજમાં ઊહાપોહ મચી ગયો પણ પેલા ફિલ્મી ગીત ‘હમ દો પ્રેમી દુનિયા છોડ ચલે...’ની જેમ પોતાનો ઘરસંસાર રઝળતો મૂકીને અનીતાએ પેલા યુવક સાથે નવું ઘર માંડી દીધું! ધીરે ધીરે આ ઘટના ભૂલાઇ જવામાં હતી ત્યાં ‘કહાની મૈં ટિવસ્ટ’ આવી. ૧૦ મહિનાથી જેની સાથે રહેતી હતી એ અનીતાએ એનો ભાવિ જમાઈ ઉર્ફે વર્તમાન પતિ રાહુલને પડતો મૂક્યો અને એના ભૂતપૂર્વ પતિના બનેવી સાથે ભાગી ગઈ! કપડાંના ધરખમ વેપારી એવા આ બનેવીલાલને અનીતા પહેલેથી ઓળખતી હતી. આ દરમિયાન પહેલાં તાજા અને હવે ભૂતપૂર્વ પતિ બની ગયેલા પેલા રાહુલે પોલીસને ફરિયાદ નોંધાવી છે કે એની નવી પણ હવે ભૂતપૂર્વ પત્ની અનીતા એના ઘરમાંથી ઝવેરાત અને બે લાખ રૂપિયા રોકડા લઈને ભાગી છે! હવે પોલીસ સહિત અનીતાના ભૂતપૂર્વ ઘરવાળા- તાજો ભૂતપૂર્વ પતિ રાહુલ ઈત્યાદિ એની શોધમાં છે. આમ અનીતાની આ ઘટના ઘણા બધા ભૂતપૂર્વોને લઈને અભૂતપૂર્વ બની ગઈ છે!


ભાગેડુ અનિતા - રાહુલ

### મંત્ર - તંત્રની નજરબંધી

ભાગમભાગની એક વધુ ઘટના પણ અહીં મમળાવી લો. આ વાત ઈન્દોરની છે. આજના જમાનામાં મોટાભાગના પરણેતરને એકબીજા સાથે કંઈક ને કંઈક અસંતોષ તો રહેવાનો. રાતે બેડરૂમમાં પતિ સાથે ‘જામતું’ હોય તો દિવસે દીવાનખંડમાં એ બે વચ્ચે છુટ્ટા હાથે ચીજ-વસ્તુઓની ફેંકમફેંક ચાલતી હોય છે. મૂળ વાત પર આવીએ તો ઈન્દોરની એક નવી પરણેતર મનિતા (નામ બદલ્યું છે) તાજેતારમાં ઘરેણાં અને ખાસી મોટી રકમ સાથે ગુમ થઈ ગઈ. પતિ અને પરિવારે પોલીસ ફરિયાદ નોંધાવી. ‘કુછ તો ગરબડ હૈ દયા!’ના અંદાજથી ઈન્દોર પોલીસે તપાસ આદરી તો મનિતાના મોબાઈલ લોકેશનથી એની ભાળ મળી કે એ ભોપાળમાં છે. પોલીસ ભોપાળ પહોંચી ત્યાં મનિતાની ઊલટતપાસ લીધી તો સાવ નવી જ વાત જાણવા મળી કે મનિતાને એના પતિ સાથે કેટલીક ઘરેલુ સમસ્યા હતી. એ ઉકેલવા મનિતા તત્પર હતી પરંતુ પતિ સાથ - સહકાર નહોતો આપતો એટલે એના ઉકેલરૂપે મનિતાએ એક તાંત્રિકને વાયા -વાયા શોધી કાઢ્યો. પેલાએ ગેરેન્ટી આપી કે મંત્ર- તંત્ર અને નજરબંધીના અમુક -તમુક પ્રયોગ દ્વારા મનિતા અને એના પતિ વચ્ચે સાંસારિક સુલેહ કરાવી આપશે. એ યુવાન તાંત્રિક રાકેશ જાટવના માર્ગદર્શન હેઠળ મનિતાએ રોજિંદી તાંત્રિક વિધિ શરૂ કરી. પરિચય વધતો ગયો - નજદિકિયા વધી ગઈ પછી તાંત્રિકે કંઈક એવી નજરબંધી કરી કે પતિને પડતો મૂકીને ઝવેરાત અને મોટી રોકડ રકમ લઈને મનિતા અને તાંત્રિક રાકેશ સાગમટે લાપત્તા થઈ ગયાં . ભોપાળ જઈ બન્ને સાથે રહેવા લાગ્યાં. મામલો ઠંડો પડે પછી પતિ સાથે છૂટાછેડા લઈને મનિતા - રાકેશ પરણી જાય એવો પ્લાન હતો ત્યાં પોલીસ ખાબકી ને એ ભાગેડુ પ્રેમી યુગલનો પ્લાન ચોપટ થઈ ગયો.


તાંત્રિક સાથે ભાગેડુ પત્ની મનિતા..

### તોબા - એ - તાલિબાન :બીબીને ફટકારો, પણ...

આજની તારીખે પણ ઘણા દેશોમાં મસ્તક ચોરસ ચોરસ ચક્કર ખાઈ જાય એવા ચિત્ર -વિચિત્ર કાનૂન - કાયદા હયાત છે ને એમાં પણ આજે ઉમેરો થતો જ જાય છે. આનું સચોટ ઉદાહરણ છે અફઘાનિસ્તાનમાં વર્ચસ જમાવી બેઠેલા માથાફરેલ આતંકવાદી એવા તાલિબાન. ભાગ્યે જ મગજ ચલાવતા આ ખોફનાક આતંકીઓના રાજમાં ત્યાંની મહિલાઓની સ્થિતિ બદતર છે. સાવ ભેજાંગેપ કાયદાઓ વચ્ચે ત્યાંની મહિલા-બાળકો પીસાય છે. એવામાં હવે તાલિબાને કેટલાક જૂના કાનૂનમાં ફેરફાર સાથે નવા કાયદાની કુલ ૯૦ પાનાંની એક પુસ્તિકા પ્રગટ કરી છે. એમાં દર્શાવેલા બધા કાયદાની વાત અહીં ન કરીએ તો પણ ત્યાંનો એક નવો કાયદો તો અરેરાટી ઉપજાવી દે એવો નિર્દયી છે. આ નવા તાલિબાની ફરમાન મુજબ ખાવિંદ એની બીબી-પત્નીને બધાની સમક્ષ - જાહેરમાં ફટકારી શકે છે શરત માત્ર એટલી જ કે બીબીનું કોઈ હાડકું ન તૂટવું જોઈએ અને લોહી પણ ન નીકળવું જોઈએ! અગાઉ અહીં મહિલાને ઘરેલુ હિંસા સામે સુરક્ષા આપવામાં આવતા કાયદા હતા, જેને હવે રદબાતલ કરીને આ નવી દંડપોથીમાં ઘરેલુ હિંસાને સત્તાવાર માન્યતા આપવામાં આવી છે! હા, અહીં એક કાયદો એવો પણ ઉમેરવામાં આવ્યો છે કે પત્નીને ફટકારતી વખતે એનું હાડકું ભાંગે કે થયેલા ઘામાંથી લોહી જો વહે તો પુરાવા સાથે એના ખાવિંદ વિરુદ્ધ કોર્ટમાં જઈને બુરખાધારી બીબી એના ઘા એકલા ન્યાયાધીશને ખાનગીમાં બતાવી શકે. ગુનો પુરવાર થાય તો એના ખાવિંદને વધુમાં વધુ ૧૫ દિવસની જેલ થઈ શકે! આવા નવા કાયદાઓ અમલમાં આવ્યા પછી અફઘાની મહિલાઓ એક જ દુઆ માગે છે : ‘ઓ અલ્લાહ, તું તો બચાવ અમને!’



### ઈશિતાનું ઈત્યાદિ...ઈત્યાદિ

- દર વર્ષે વિશ્વનાં 1000 શહેરોનું મૂલ્યાંકન થાય છે. ‘ઓક્સફર્ડ ઇકોનોમિક્સ’ ના છેલ્લામાં છેલ્લા ઇન્ડેક્સ મુજબ વિશ્વનું સૌથી શ્રેષ્ઠ શહેર છે ન્યૂયોર્ક પછી લંડન - ટોકિયો. આ યાદીમાં આમચી મુંબઈ 427 મા ક્રમે છે. ટોચનાં 500 શહેરોમાં ભારતમાંથી દિલ્હી- બેંગ્લુરુ - મુંબઈ અને ચેન્નઈનો સમાવેશ થયો છે.
- દક્ષિણ પૂર્વ યુરોપમાં આવેલો દેશ ક્રોએશિયામાં હિલટોપ ટાઉન તરીકે ઓળખાતું ‘હમ’ નામનું એક શહેર છે. આ વિશ્વનું સૌથી નાનું ઐતિહાસિક નગર ગણાય છે. ૧૦૦ મીટર લંબાઈ ને માંડ ૩૦ મીટર પહોળાઈમાં પથરાયેલા આ નગરમાં બે જ જાહેર રસ્તા-ગલી છે અને અહીંની વસતિ છે માત્ર ૩૦ લોકોની!

### ઈશિતાની એલચી

**વેલેન્ટાઈન -ડે તો ગયો છતાં યાદ રાખવા જેવું -
ખૂબ સહેલું છે કોઈને ગમી જવું,
અઘરું તો છે સતત ગમતાં રહેવું ....!!**